## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ધો રજા માર્ગ-બંકર બાંધવા, કયાશ કઢાવી લ્યો!*
*ચીનને શું શું ધો તો થાય રાજી, કયાશ કઢાવી લ્યો!*
*કયાશ કઢાવી લ્યો! કે ચિનાઈ માટી પીગળે કેમ ?*
*બાપુ ! મોંઘા પડે, ચીનના ધક્કા, પાસ કઢાવી લ્યો!*

**હાઈકુ**

*લ્યો ! માનવી ના*
*પડછાયા અદ્દશ્ય !*
*ભૂતની જેમ!*

*બહુ બફાયા !*
*હવે તો દઝાય છે -*
*બહાર કાઢો !*

*(થોડી ક્ષણો માટે ભૂત સવારે)(કૂકરમાંથી, ભગવાન)*

### ચિંતન

*સર્વથાં વ્યવહર્તવ્યં કુતો હયવચનીયતા ।*
*યથા સ્ત્રીણાં તથા વાચાં સાધુત્યે દુર્જનો જનઃ ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**સર્વ રીતે વ્યવહાર ચોખ્ખો રાખવો જોઈએ, કારણ કે કયાંથી નિંદા થશે, તેની ખબર પડતી નથી, સ્ત્રીઓ અને વાણી બંનેની શુદ્ધિ વિષે દરેક માણસ દુર્જનની જેમ વર્તે છે.**

**પદ પર રહેનાર વ્યક્તિ એ પોતાનો વાણી - અને વહેવાર (ધન-લેતી-દેતી સંબંધે) ખૂબ જ શુદ્ધ રાખવો જોઈએ. સંસારમાં ટીકા કરનારા અને ઉન્નતિ કરનારની ઈર્ષ્યા કરી તેને પછાડનારાની સંખ્યા ખૂબ જ મોટી છે માટે સદાય સાવત-જાગૃત રહી વહેવાર કરવો.**

### સુવિચાર

- ભૂલા કર ગીતા કા જ્ઞાન માનવતા સદા હારી છે હૈ ઈસીલીયે
  સંસાર મેં કહી ન કહી મહાભારત જાહી હૈ - **અનિરુદ્ધ ત્રિવેદી**
- વાપરી પણ ના શકો કે સાચવી પણ ના શકો, જિંદગી છે વારતા એવી જણસની - **ગુંજન ગાંધી**
- ઝુકેલી ગરદનથી જો મોબાઈલમાં અજાણ્યા સંબંધો જોડાઈ શકતા હોય તો હયાત સંબંધોમાં કોઈક વાર ગરદન ઝુકાવી લેવામાં વાંધો શું છે? - **જય વસાવડા**
- ધ્યેયસિદ્ધિ થઈ કે નહીં, એ પ્રશ્ન તદ્દન ગૌમ છે, સફર કેટલી કાપી,
  બસ એટલું નક્કી કરો - **વિવેક કાણે**
- જગતમાં બે વસ્તુઓનો અંત કયારે નથી આવતો,
  એક ભગવાનની કથા અને બીજી માણસની વ્યથા - **કમલેશ સોની**
- હાથમાં પાસા નથી તો શું થયું ? જુગટું તો મનમાં રમાતું હોય છે ? - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : નીલગીરીના તેલને નવશેકું ગરમ કરી તેની વરાળનો નાસ લેવાથી બ્રોન્કાઈટીસમાં તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કાશીના મહારાજાએ એપેન્ડિકસનું ઓપરેશન કરાવવું પડે તેમ હતું. ઈંગ્લેન્ડની પાંચ ડૉકટરો આવ્યા હતા. ઓપરેશન માટે મહારાજાને એનેસ્થેશિયા આપવું પડે. મહારાજાએ કહ્યું, 'હું બેહોશ કરનારી કોઈ દવા કે ઈંજેકશન નહીં લઈ શકું. ચા કોફી, શરાબ ન લેવા તે મારી પ્રતિજ્ઞા છે. કોઈ ભાનભૂલાવે તેવું દ્રવ્ય હું લઈશ નહીં, તમે એનેસ્થેસિયા વગર મારું ઓપરેશન કરી શકો છો.'

ડૉકટરો ગભરાઈ ગયા કારણ કે દર્દને કારણે ચાલુ ઓપરેશને દર્દી જરા પણ હલે તો જાન જોખમમાં મુકાઈ જાય. ડૉકટરોએ મહારાજને કહ્યું 'આ ઓપરેશનની પીડા તમે નહીં વેઠી શકો.' મહારાજાએ કહ્યું, 'હું ઓપરેશન દરમિયાન સતત ગીતાનો પાઠ કરીશ અને તમે ઓપરેશન કરજો.' ડૉકટરોએ પહેલા ચકાસણી કરી લીધી. આંગળી પર કાળા મુકયા પણ ગીતા પાઠ કર્યો અને ડૉકટરોએ ઓપરેશન પૂરું કર્યું.

ઓપરેશન પછી ડૉકટરો એ મહારાજને પૂછ્યું, 'આ તો ચમત્કાર થયો કહેવાશે, આપે એવું તો શું કર્યું ?' મહારાજાએ કહ્યું, 'હું કાયમ ગીતા પાઠ કરું છું, ઔપચારિક રીતે નહીં પૂર્ણ સભાનતાથઈ ગીતાનું પઠન કરું છું. ગીતાના શ્લોકો ઉચ્ચારતાં સમગ્ર સંસાર ખોવાઈ જાય છે, ગીતા પાઠ કરતી વખતે હું સમાધિ અવસ્થાની સજગતમાં હોઉં છું. જાગૃત હોઉં છું. એ દરમિયાન મને શરીર મારાથી અલગ પ્રતિત થાય છે.' 'ન હન્યતે હન્યમાને શરીરે...' ત્યારે હું બરાબર અનુભવી શકું છું કે શરીર ને કાપો... છતાં કોઈ મને મારા નહીં શકે.' તથા 'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ' શબ્દથી તમે મને કાપો, તમે મને છેદી શકતા નથી. ઓપરેશન દરમિયાન મને આટલું ઉત્કટ સ્મરણ રહ્યું, હું શરીર નથી એટલું સ્મરણ - સમગતા પર્યાપ્ત રહી.' ડૉકટરોએ મહારાજને નમન કર્યા.

# ચીન : હાથી ચલત હૈ અપની ગત મેં

**તંત્રીસ્થાનેથી...**

ચીનની મહત્ત્વાકાંક્ષી યોજનાઓ સાકાર કરવા શાંઘાઈ કો-ઑપરેશન ઓર્ગેનાઈઝેશનના નેજા હેઠળ બોલાવાયેલ આઠ દેશોની શિખર પરિષદમાં ભારત અને પાકિસ્તાનની ઉપસ્થિતિને ચીની પ્રમુખ જિનપિંગને 'વન બેલ્ટ, વન રોડ' જેવી ભારત માટે જોખમી યોજના માટે વિશ્વા એંસી ટકા દેશોનું સમર્થન સાંપડ્યું છે, જે ભારત માટે મોટી ચિંતાનો વિષય છે. રશિયા, પાકિસ્તાન, કઝાકસ્તાન, ઉઝબેકિસ્તાન, કિર્ઘિસ્તાન, અને તાજકિસ્તાન સહિત તમામ પાડોશી દેશો ચીનના આ છૂપા વિસ્તારવાદી અને ભારત વિરોધી પગલાને સામૂહિક વિકાસની યોજના તરીકે સ્વીકૃતિ આપી છે એથી ભારત એકલું પડી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજનાનો વિરોધ કરી એના મુસદ્દા પર સહી નથી કરી એ સૂચક છે. મોદીએ કનેક્ટિવીટીની કોઈ પણ યોજનામાં ભારત સાથ આપતું રહેશે એવી ખાતરી ઉચ્ચારીને પણ 'વન બેલ્ટ, વન રોડ' ની ચીની યોજના સાથે અસહમતિ દર્શાવી તેનો અર્થ સમજાવવો પડે એમ નથી. અફઘાનિસ્તાન સાથેની ભારતની નજદીકીયા પાડોશી પાકિસ્તાન અને ચીનને ખૂંચી રહી છે. ચીન સમસ્ત દક્ષિણ એશિયામાં સર્વોચ્ચ સત્તા તરીકે પ્રસ્થાપિત થવા ઉતાવળું થઈ રહ્યું છે. જેમાં એક માત્ર ભારત જ એને આડખીલી રૂપ લાગે છે. દુનિયાના અન્ય દેશો ચીનની વધતીજતી તાકાતને ઓળખી ચૂકયા છે. રશિયા સહિત ઘણાં રાષ્ટ્રો ચીન અમેરિકાને હંફાવે એવું ઈચ્છતા હોય. અમેરિકા પણ ચીન સાથે બિનજરૂરી વિવાદમાં ઊતરવાને બદલે એની સાથે મીઠા વ્યાપારિક સંબંધો કેળવવાનું પસંદ કરે છે. એવા વિષમ સંજોગોમાં ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું અટૂલું પડી જાય એવી સંભાવના નકારી શકાય નહીં. ભારત માટે પાકિસ્તાન માથાનો દુખાવો છે અને ચીન સતત એની પડખે રહેતું આવ્યું છે. જિનપિંગ બધા દેશોની સાર્વભૌમિકતા સચવાય એ રીતે એકમેકના સહયોગ દ્વારા સામૂહિક વિકાસની વાતો તો કરે છે પરંતુ ભારત સાથે દલાઈલામાના પ્રશ્ને કે અરુણાચલ અને ડોકાલા મુદ્દે તદ્દન દુશ્મનાવટભર્યું વલણ જ અપનાવતા રહ્યા છે. યુદ્ધ કરવાની દાનત એમની પણ નથી પરંતુ યુદ્ધ વગર જ ભારતના કેટલાક પ્રદેશો પર તેઓ આંતરરાષ્ટ્રીય ફોરમમાં ચીનનો હકદાવો રજૂ કરતા રહેશે. વળી કાશ્મીર સમસ્યામાં પણ એમનો પાકિસ્તાનને જ કાયમી સધિયારો મળતો રહ્યો છે અને મળતો રહેશે. 'સિક્યોર' શબ્દના અક્ષરો જુદા પાડીને એ જરા ઑફ બીટ વિશ્લેષણ કે અર્થઘટન કરવાથી આંતરરાષ્ટ્રીય સમુદાય અંજાઈ જવાનો નથી. નક્કર હકીકતોને બદલે નરેન્દ્ર મોદી આવી સૂત્રશૈલીમાં જ રાચે છે તે ઘણી શોચનીય બાબત છે. ચીને પાકિસ્તાના ગ્વાદર બંદર પર કબ્જો જમાવ્યા પછી આઝાદ કાશ્મીરના કારાકોરમ પર્વતમાળા નજીક, તદ્દન ભારતની સરહદ પર રાજમાર્ગ વિકસાવ્યો એમાં એણે ભારતના વિરોધને ગણકાર્યો નથી. ભારતે ચાબહાર બંદર હસ્તગત કરી અફઘાનિસ્તાનને પડખામાં લીધું છે તે ચીન કે પાકિસ્તાનને ધરાર ગમ્યું નથી. આથી શિખર પરિસદમાં જઈ 'વન બેલ્ટ વન રોડ'ની મહત્ત્વાકાંક્ષી ચીની યોજના સાથે માત્ર અસહમતી દર્શાવવાથી કોઈ જ અર્થ સરવાનો નથી. ચીન તો હાથી છે, તે એની પોતાની જ ગતમાં ચાલતું રહેશે.

# સંસારમાં આવતા પરિવર્તનને સહર્ષ સ્વીકારજો



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

'એ...... રીક્ષા....! '

'કિધર જાના હૈ ?'

'કાલા ઘોડા '

'બૈઠો... !'

'કિતના લોગે ?'

'મીટર જો બતાયેગા વહીં'

અઠવાડિયા પહેલાં વડોદરા જવાનુ થયેલું. વડોદરામાં કાલાઘોડા એક જાણીતું સ્થળ છે. યુનિવર્સિટીની બિલકુલ નજીક. રીક્ષામાં બેઠો તો જોયું કે રીક્ષા ફુલ્લી સજાવેલી હતી. બેસવાનું મન થાય તેવી. રીક્ષામાં એક ગમતી મહેક આવી રહી હતી. ધીમું સંગીત પણ ચાલતું હતું.

'ઠંડુ લેશો કે ગરમ ?' રીક્ષાવાળાએ પૂછયું.

'કેમ ?' મને આશ્ચર્ય થયું.

રીક્ષામાં ભાઈએ ચ્હા અને લીંબુ શરબતના બે મોટા થરમોસ ભરીને રાખેલા. દરેક પેસેન્જરને ડીસ્પોજલ ગ્લાસમાં ઓફર કરે. પીવડાવે-ફરજીયાત. મને આશ્ચર્ય થયું.

'આ ચ્હા-શરબતના પૈસા વધારાના આપવાના ?'

' ના... સાહેબ.... તમારે જે ભાડું થાય તે જ આપવાનું આ ફેસીલીટીતો મારા તરફથી છે.'

મને આનંદ થયો અને આશ્ચર્ય પણ. મેં કહયું, 'ભાઈ, તારી જ રીક્ષામાં બેસવાનું અને ફરવાનુ ગમે એવું લાગે છે.'

'એમ જ થાય છે સાહેબ, એકવાર જે બેસે છે પછી તે મને જ યાદ કરે છે.'

'તને ખોટ નથી જતી ?'

'અરે સાહેબ,જયારથી આ ફેસીલીટી શરૂ કરી છે ત્યારથી દર વર્ષે મારી આવક બમણી થાય છે. હું નવરો પડતો જ નથી. પેસેન્જર મને ફોન કરીને બોલાવે છે.'

રીક્ષામાં ડ્રાઈવરનું નામ, ફોટો, સરનામું અને ફોન નંબર લખેલું હતું ત્યાં મારી નજર પડી.

મેં મનોમન વિચાર્યું. આટલી કાળઝાળ ગરમીમાં એક ગ્લાસ લીંબુ શરબત મળે અને દુલ્હન જેવી શણગારેલી રીક્ષામાં બેસવાનું મળે પછી જોઈએ શું ?

'રીક્ષા ભાડાની છે કે પોતાની ?'

'તમને શું લાગે છે ?' એણે વળતો સવાલ કર્યો.

'શણગારેલી રીક્ષા છે. તમારી પોતાની જ હોવી જોઈએ !'

'ના... સાહેબ, રીક્ષા ભાડાની છે.

આ મારી રોજીરોટી છે, આજીવિકા કયારેય ભાડાની કે પારકી નથી હોતી. એને તો જાતની જેમ જાળવવાની હોય.... આ રીક્ષા મારા પૂરા પરિવારને જાળવે છે. રોજી આપે છે. મારે એને જાળવવાની જ હોય. ન જાળવું તો નગુણો કહેવાઉં.'

મને રીક્ષાવાળા માટે માન ઉપજયું. રીક્ષા અને તેના વિચારો બન્ને ગમી જાય તેવા હતા. રોજી રોટી મળે તે સ્થાનને પવિત્ર ગણવું પછી ભલે તે ભાડાનું કેમ ન હોય ! એ રીક્ષા હોય, મકાન હોય કે પછી પોતાનું શરીર હોય ! બધું જ ભાડાનું છે. પરંતુ તેને સાચવવું શણગારવું, ગમે તેવું બનાવવું, તેને પ્રેમ કરવો અને છતાં માલિકીપણાનો ભાવ ન આવે તેનું પણધ્યાન રાખવું. વાહ... અદ્ભૂત... મજા પડી ગઈ.

મેં કહયું ભાઈ..... મને હવે વડોદરાના જોવાલાયક સ્થળો પણ બતાવ... તારી જ રીક્ષામાં ફરવું છે આજે. રીક્ષા આગળ વધી. મેં લીબુ શરબતનો એક ઘૂંટડો પીધો ને રીક્ષાવાળા ભાઈએ કહયું, 'જુઓ સાહેબ, તમે તમારો વિચાર બદલ્યોને? બસ, આ જ મારું કામ છે. મારા ધંધાની આવક એટલે જ દર વર્ષે વધે છે. ખર્ચ કાઢતાં સોળસો-સત્તરસો રોજ ઘરે લઈ જાઉં છું.'

મેં હકારમાં માથું હલાવ્યું એણે આગળ ચલાવ્યું.

'હું એમ. એ., બી.એડ. છું, સાહેબ !

બી. એડ્.માં મારા સાહેબે કીધેલું કે જીવનમાં કોઈ કામ હલકુ કે નીચુ નથી. ભણ્યા પછી નોકરી મળે કે ન મળે નાસીપાસ નહિ થવાનું. બૂટપોલીશ કરો, ડ્રાઈવીંગ કરો કે ચ્હાની કિટલી ચલાવો પરંતુ પ્રમાણિકતા અને નિષ્ઠા ટકાવી રાખજો. સખત પરિશ્રમ તમારો આત્મવિશ્વાસ વધારશે. સંસારમાં આવતા પરિવર્તનને સહર્ષ સ્વીકારજો. ગ્રાહક અને આવક સતત વધતી જ રહેશે.'

રીક્ષાવાળાના મોઢેથી સાંભળેલા અદ્ભૂત વાકયો મને બ્રહ્મજ્ઞાનના નીતરતા નીર જેવાં લાગ્યાં. હું આજીવન પેસેન્જર બની ગયો હતો. હું મનોમન રીક્ષાવાળાને વંદી રહયો.

**મિસરી**

'પરિવર્તન કયારેય પણ પીડાદાયક નથી હોતુ

માત્ર પરિવર્તનનો વિરોધ પીડાદાયક હોય છે.'

- ભગવાન બુધ્ધ

- santoshdevkar03@gmail.com

# આ લેખ રીડવા (વાંચવા) જેવો છે



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

અંગ્રેજી માધ્યમના પહેલા ધોરણમાં ભણતા એક છોકરાની મમ્મી તેને કૃષ્ણની વાર્તા કહેતી હતી તે મેં સાંભળી, 'કૃષ્ણનો રંગ ડાર્ક હતો, એને બટર બહું ભાવે, ફ્રિજ ખોલ બંધ કરે અને બટર ખાઈ લે, આખો દિવસ બોલથી રમ્યા કરે, એક દિવસ બોલ રિવરમાં પડ્યો... વાર્તા તો આગળ ઘણી ચાલી પણ ત્યાંથી ઊભો થઈ ગયો.'

અંગ્રેજોએ આપણા પર ઘણો સમય શાસન કર્યું, અંગ્રેજો ગયા અને અંગ્રેજી મુક્તા ગયા. અહીં અંગ્રેજી ભાષા સામે મારો વિરોધ નથી. સોરી અને થેંક યુ, પ્લીઝ અને એક્સક્યુઝ મી વગર આપણને ચાલતું નથી, વાંધો શબ્દો સામે નથી, પણ તેને બળજબરીથી વાપરવાની ઘેલછા સામે છે.

'ભદ્રંભદ્ર'નો પાઠ ભણવામાં આવતો ત્યારે, 'મોહમયી નગરીની બે મૂલ્યપત્રિકા આપો' એ સંવાદ હાસ્ય ઉપજાવતો. પણ આ વાત હસી નાખવાની નથી, આપણે આપણી માતૃભાષાનું જતન ભદ્રંભદ્રની પેઠે નહીં પણ માની જેમ કરવાનું છે. આપણી લાગણી, સંવેદનશીલતા આ બધું માતૃભાષા સાથે જ સંકળાયેલું છે.

ગુજરાતી ભાષાને સમૃદ્ધ રાખવા અને જીવિત રાખવા માટે ધતિંગ કરતા ઘણા પીઢુઓ પોતાની ખીચડી જ પકડવતા હોય છે. અંગ્રેજીની લીટી નાની કરવાના બદલે, ગુજરાતીની લીટી મોટી કરો ને ! ગુજરાતી ભાષા મારવા પડી છે એવી કાગારોળ સાંભળી છીએ, ગુજરાતી શાળાઓ બંધ થતી જાય છે, આને માટે જવાબદાર કોણ ? શાળા સંચાલકો, આચાર્યો કે શિક્ષકો?

આ માટે સૌથી વિશેષ જવાબદાર છે મા-બાપ પોતે. દરેકને એમ છે મારા સંતાન અંગ્રેજીમાં ભણે. બધા એમ જ માની બેઠા છે કે અંગ્રેજી નહીં આવડે તો એનો ભાવ નહીં પૂછાય. જૈન મુનિ ઉદ્યવલ્લભ વિજયજી સાથેનો વાર્તાલાપ મેં કયાંક વાંચ્યો હતો. પ્રશ્ન પૂછે છે - 'અંગ્રેજી મીડિયમ અને ગુજરાતી મીડિય્મ વચ્ચે શું ફરક છે ?' આ સાંભળી ઉદયવલ્લભ વિજયજી તરત કહે છે : 'ગુજરાતીમાં આવરે વરસા, ઉની ઉની રોટલી ને કારેલાનું શાક, જેવી કવિતા ભણીએ છીએ. આ કવિતામાં વરસાદને વહાલભર્યું નિમંત્રણ આપીએ છીએ.'

આનાથી સાવ વિપરીત કવિતા અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ભણાવાય છે. 'રેઈન રેઈન ગો અવે, જોની વોન્ટ્સ ટુ પ્લે !' તમે જુઓ કે કવિતામાં વરસાદને પાછો કાઢવાની વાત છે - 'મારા દીકરા જોનીને રમવું છે માટે હે વરસાદ, તું પાછો જા.' દુષ્કાળ ભલે પડે પણ જોનીને રમવામાં મુશ્કેલી ન પડવી જોઈએ. બસ, માતૃભાષા અને અંગ્રેજી માધ્યમમાં આટલો જ તફાવત છે.

જે અભિવ્યક્તિ જે વર્ણન માતૃભાષામાં થઈ શકે છે તે અંગ્રેજીમાં શક્ય નથી, આપણી લોકબોલીમાં જે પ્રાણશક્તિ છે તે અંગ્રેજીમાં નથી. મહાભારત કે રામાયણ લોકહૈયે છે. રવીન્દ્રનાથ ટાગોર જેવા સર્જકે પણ સૌ પ્રથમ માતૃભાષા બંગાળીમાં જ લખ્યું. પછી તેનો અનુવાદ કરી વિશ્વ સમક્ષ મૂક્યો, તેમણે સીધે સીધું અંગ્રેજીમાં કેમ ન લખ્યું ? તે અશક્ય છે, માતૃભાષા, મા અને માતૃભૂમિ બદલી શકતા નથી.

નવી પેઢીનો બાળક 'ધીંગાણું' શબ્દ વર્ગમાં પ્રયોજાય ત્યારે બાઘો બની જોયા કરે છે. મેંઘાણી, મડિયા કે પન્નાલાલ પટેલના પાઠ જયારે હું ભણાવાતો હોઉં છું ત્યારે વર્ગમાં તેના તળપદા શબ્દ સમજાવવા ભારે પડી જાય છે. 'પાળિયો' શબ્દને બાળકને સમજાતો નથી. 'પાદર' એણે જોયું જ નથી. 'આપ મુઆ વગર સ્વર્ગે ન જવાય' જેવી કહેવતમાં 'મુઆ' શબ્દ સમજાવતા આંખે પાણી આવી જાય છે.

અમુક શબ્દો, અમુક વર્ણન જે આત્મીયતાથી માતૃભાષામાં સંભવે છે, તેવી સમર્થતા બીજા પાસે નથી. 'હડીયા પાટી' કરવી એટલે દોડાદોડી કરવી, પણ હડી કાઢવામાં જે ગતિ છે, તે રનિંગ શબ્દમાં નથી. અદલોઅદલ 'હડીયાપાટી' નો અર્થ સંકેત બરાબર સ્પષ્ટ કરે એવો કયો અંગ્રેજી શબ્દ છે ?

આજની પેઢી જો માતૃભાષાથી વિમુક થઈ જશે તો પછી આવા તળપદા શબ્દોની સુંદરતા જ નષ્ટ થઈ જવાની. વળી પાછા અંગ્રેજી માધ્યમમાં ભણતા છોકરા તૈયાર થયા, પછી શેકસપિયર નથી વાંચતા, ગટે કે ચાર્લ્સ ડિકન્સથી તેઓ દૂર જ હોય છે. વર્ડઝવર્થની કવિતાનું સૌંદર્ય તેઓ નથી માણી શકકા કારણ કે એની માટે પહેલાં કલાપી કે ઉમાશંકર જોષીની રચનાઓ સમજવી જરૂરી છે. તેમને શેમાં રસ છે ? ગોસિપ અને ક્રાઈમ સ્ટોરીમાં. અને જયાં ને ત્યાં 'પોતાને અંગ્રેજી આવડે છે' તેની છાપ મૂકવામાં રસ હોય છે.

આપણે કેવું અંગ્રેજી - ગુજરાતી બોલીએ છીએ તે જોઈએ - અમે તો બહુ ફાઈન છીને, તમે કેમ છો ? હાઉ આર યુ ? ઈવનીંગ ટાઈમે વોક લેવાની બહુ મજા આવે છે. એટમોસ્ફીયર બહુ પ્લેઝન્ટ છે. સાચું કહું તો આઈ હેવ નો ટાઈમ. અમે ટ્યુઝડેના તો ભદ્રકાલીના ટેમ્પલ જઈએ જ. અને સન્ડેના અક્ષરધામ. એન્ડ યુ નો ઓફિસ જવાની પ્રિપરેશન, ફોન અને ફાઈલ્સ, રવિવારે ઈવનીંગમાં ડીનર તો બહાર જ લેવાનું. હાય... ફલાણા... બાય... ઢીંકણાં... ઓકે રાઈટ, ઓ વન્ડરફૂલ, સોરી બ્રધર... ઓ શીટ. બાપ રે તોબા... સહજ રીતે અંગ્રેજી શબ્દો આવે એનો વાંધો નથી. પણ જે રીતે આવે છે તેનો વાંધો છે. આવું અંગ્રેજી બોલીશું તો સામેવાળાને આંજી નાખીશું, આપણો વટ પડી જશે, આવા વહેમમાં રહીને આપણે ગુજરાતીઓએ જ ગુજરાતી ભાષાને પીંખી નાખી છે. સોરી મર્ડર કરી નાખ્યું છે.

અંગ્રેજી સારી રીતે બોલવું હશે તો સૌ પ્રથમ માતૃભાષા સાચી રીતે બોલવી પડશે. બારમા ધોરણમાં અમને અંગ્રેજી ભણાવવા એક સાહેબ આવતા એ વાતે વાતે અંગ્રેજી શબ્દો વગર કારણે વાપરે, અમને કહ્યા કરે, જુઓ આટલું રીડ કરીને પ્રીપેર કરો, પછી ટુમોરો હું આવીશ ધેન તમે આની ટેસ્ટ આપજો. ઓ. કે. મારે હજી ઈટ કરવાનું બાકી છે, હું જાઉં છું. બાય... અમે સામે જવાબ આપતા - ઓ કે. સર અમે આ બધું રીડી (વાંચી) લઈશું, તમે ઈટી (જમી) આવો, અમારે પણ ઈટવા (જમવા) નું બાકી છે. બાય... બાય...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## શ્રદ્ધાવાન



**થોટ**

નટવર આહલપરા

શ્રદ્ધાવાન કયારેય નકારાત્મક વિચાર કરતા નથી. તેઓ હંમેશા વિચારે છે કે, જે થઈ રહ્યું છે તે સારું થઈ રહ્યું છે, જે થશે તે પણ સારું થશે અને જે થવાનું છે તેય સારું થવાનું જ છે. એક શે'ર પ્રસ્તુત છે.

હો શ્રદ્ધાનો વિષય તો પુરાવાની જરૂર નથી,

કુરાનમાં કયાંક પયગંબરની સહી નથી.

અહીં સ્વામી વિવેકાનંદના શક્તિદાયક વિચારો પર્યાપ્ત છે : 'લોકો ગમે તે કહે, તમે તમારા સિદ્ધાંતોને વળગી રહો, તો ખાતરી રાખજો કે જગત તમારા પગમાં પડવાનું છે. લોકો કહે છે : અમુક વ્યક્તિમાં વિશ્વાસ રાખો' પણ હું કહું છું : પહેલા તમે તમારી જાતમાં વિશ્વાસ રાખો એ જ સાચો રસ્તો છે. તમારામાં શ્રદ્ધા રાખો. સઘળી શક્તિ તમારામાં જ રહેલી છે. તેના પ્રત્યે સભાન બનો અને તેને બહાર લાવો. કહો કે 'હું બધું કરી શકીસ', તો તમે દૃઢતાથી સર્પના ઝેરના અસ્તિત્વને પણ અસ્વીકાર કરો, તો તે ઝેર પર બિનઅસરકારક બની જાય.'

મનુષ્ય 'શ્રદ્ધામય' છે, અને જેવી જેની શ્રદ્ધા તેવો તે. આ વાક્ય વિરુદ્ધ કંઈ પણ કહી શકાય એમ નથી પણ મનુષ્યના સ્વરુપના બંધારણના મૂળમાં જ જે શ્રદ્ધા રહી છે તે વિનાની એ અંધશ્રદ્ધા છે.

સાંઈબાબાની શ્રદ્ધા સબૂરી શ્રદ્ધાવાનને વધુ શ્રદ્ધાવાન બનાવે છે. શ્રદ્ધાનું બળ માણસને સફળતા અપાવે જ છે. શ્રદ્ધાવાન બનવું કયારેય નિરાશાવાન નહીં. શ્રદ્ધા સફળતાનું ઉત્તમ પગથિયું છે. આ સંસારમાં સૌથી કારગત ઔષધ જો કોઈ હોય તો તે શ્રદ્ધાવાનની શ્રદ્ધા છે. શ્રદ્ધામાં એટલી બધી તાકાત છે જેટલી જગતના કોઈ પણ ઔષધમાં નથી. ઋગ્વેદ કહે છે શ્રદ્ધાથી જ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

# શ્રદ્ધાનું બળ માણસને સફળતા અપાવે જ છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'આવા તો એક નહિ, હજારો ડોશીમા જેવા જરૂરિયાતમંદો હશે નહીં ? એમને મદદ કરવાનું શું થઈ શકે ? આ પ્રશ્ન થયો હતો રાજકોટ નિવાસી જયેશ ઉપાધ્યાયને... અને એના પરિણામે જન્મ થયો બોલબોલા ટ્રસ્ટનો...'

એ વર્ષ હતું ૧૯૯૧નું એ સમયે એક ડોશીમાને વોકર લઈ આલ્યું હતું. પછી મિત્રો ભેગા થયા, જીજ્ઞેશ ઉપાધ્યાય, હરકીશન પટેલ, સુનિલ રાઠોડ વગેરે. અને આસપાસમાં રહેલા જરૂરિયાતમંદ લોકોને શોધીને એમને જોઈતી મદદ આપવાના કાર્યનો આરંભ થયો. સંસ્થાનું રજીસ્ટ્રેઓશન થયું ૨૯ મે ૧૯૯૧માં. હોળી-ધૂળેટીમાં છાણા ન બાળ્યા ને કલર ન ઊડાડ્યા, ઉત્સવોમાં જલસામાં વપરાતા પૈસા માનવતાના કાર્યમાં ડાઈવર્ટ કરવા લોકોને પ્રેરણા આપી. ટ્રસ્ટની રચના થયા બાદ વધુ ને વધુ લોકો સેવા પ્રવૃત્તિમાં જોડાયા ગતા. મેડિકલ ઈક્વીપમેન્ટ એ સમયે શરૂ કર્યો. તબીબી સાધનો થોડા સમય પૂરતા ઘરે જરૂર હોય તે મામૂલી ડિપોઝીટ આપીને લઈ જાય ને પરત આપી જાય. 'સાધનો લઈ જાવ, આશીર્વાદ દઈ જાવ' આ સૂત્ર લોકપ્રિય થયું ને આજે રૂ પાંચ કરોડના સાધનો સંસ્થા પાસે છે જે દર્દીઓ પાસે ઉપયોગમાં લેવાય છે.

અન્ન ક્ષેત્ર તો ઘણા જોયા પણ આ સંસ્થાએ શરૂ કર્યું મોબાઈલ અન્નક્ષેત્ર. અંદાજે ૧૫૦૦ લોકોને રોજ પૂર્ણ સન્માન સાથે સાત્ત્વિક અને પૌષ્ટિક ભોજન પીરસાય છે. ગલી-ખાંચા - શેરી કે મેઈન રોડ ઉપર જયાં પણ ભૂખ્યા માણસ દેખાય એને ભોજન અપાય છે.

એમ્બ્યુલન્સ વાન અને શબવાહિનીની વ્યવસ્થા પણ બોલબાલા ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવે છે. મૃત્યુ બાદ કયારેક માનવ શરીર એકાદ-બે દિવસ સાચવી રાખવું પડે એવા સંજોગોમાં જરૂરી પેટી પણ આ સંસ્થા પૂરી પાડે છે.

રાજકોટ શહેર આસપાસના વિસ્તારમાંથી સારવાર માટે આવતા દર્દીઓ તો હોસ્પિટલમાં દાખલ થાય પણ એમની સાથે આવતા સગાં-વ્હાલાનું શું ? આ પ્રશ્નનો પણ ઉકેલ શોધ્યો. માત્ર પ્રતિદિન બે રૂપિયામાં જ્ઞાતિ ધર્મના સીમાડા વિના સારી - સ્વચ્છ પથારી અને બાથરૂમ - સંડા સાથે રહેવા ઉપરાંત ભોજન પણ અપાય છે. આ માટે રાજકોટ જિલ્લા વહીવતીતંત્રે મકાન આપ્યું છે. એમના કાર્યને પધાધિકારીઓ - અધિકારીઓ - દાતાઓ - લેખકો, શ્રેષ્ઠીઓ, સંતો, કલાકારો ઉદ્યોગપતિઓ - મીડિયા, સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિગત તથા સામૂહિક રૂપે લોકોએ અપ્રતિમ સાથ આવ્યો છે અને માનવતાના આ કાર્યને બિરદાવ્યું છે.

આ સંસ્થાના સેવાકાર્યોમાંથી પ્રેરણા લઈને અમદાવાદ - કંડારી - જૂનાગઢ - ધ્રાંગધ્રા - માણાવદરમાં પણ મોબાઈલ અન્નક્ષેત્રોની શરુઆત થયાનું જયેશભાઈ આનંદ સાથે કહે છે. તેઓ ઉમેરે છે. 'મારા પત્ની કૃતિકા, બાળકો મનન અને કૃપાલીનો મને ખુબ સપોર્ટ છે. ભગવાને શક્તિ-સામર્થ્ય આપ્યું તો સેવા કરવા એ સિદ્ધાંતને વળગી રહીને રોજ ૧૮ કલાક કામ કરું છું.'

બોલબાલા ટ્રસ્ટની સ્થાપનાને ૨૮ વર્ષ થયા એ નિમિત્તે અલગઅલગ પ્રકારની ૨૮ માનવતાપૂર્ણ સેવાભાવી પ્રવૃત્તિઓનું કાર્ય થઈ રહ્યું છે. ૩ હજાર જેટલા નિવૃત્તોને સેવાકીય પ્રવૃત્તિમાં જોડ્યા છે ને હમણાં ૧૩૦૦ વડિલોને પોતે વ્યક્તિગત કાળજી સાથે રામેશ્વર સહિતના તીર્થધામોની યાત્રા કરાવી આવ્યા છે. આ ચેરિટેબલ ટ્રસ્ટની વધતી જતી પ્રવૃત્તિનો પરિચય લોકોને એમની વેબસાઈટ દ્વારા પણ થઈ રહ્યો છે અને જાણીતા - અજાણ્યા હજારો લોકો ટ્રસ્ટની કામગીરીને આગળ વધારી રહ્યા છે.

**સંવેદના - લાગણી - ઝંકૃત**

થાય અને એમાંથી કયારે એક વડલા જેવી વિશાળ સંસ્થા જન્મે, જેના છાયામાં હજારો લોકોને હાશ થાય ત્યારે એ કાર્યમાં જોડાનાર પ્રત્યેકને આનંદ થાય છે. કોઈ અપેક્ષા વિના જયારે તમે સેવાના કાર્યમાં જોડાઓ છો ત્યારે અદ્ભૂત નિજાનંદ મળે છે.

જેનું કોઈ નથી તેવા ગરીબોને, જરૂરિયાતમંદોને, બીમારોને, વડીલોને સમય આપવાની, તેમની જરૂરિયાત યોગ્ય સમયે પૂરી કરવાથી તેમના આશીર્વાદ મળે છે અને સરવાળે આવી પ્રવૃત્તિને વધુ વેગ મળે છે. આવા કાર્યો સમાજમાં જયારે જયારે જયાં જયાં થતા દેખાય ત્યારે માનવતાના દીવડા ઝળહળે છે ને અજવાળા રેલાય છે.